## વડીલોને વંદન અભિનંદન




ચંદ્રિકાબેન બટુકરાય દસાડીયા (૧૯૪૦) ફોન: ૨૩૨૩૪૧૮૩



ગણપતરામ અમથારામ સાધુ (૧૯૩૮) ફોન: ૨૩૨૨૩૮૭૮



મહેન્દ્ર કે. ચૌહાણ (૧૯૫૧) મો.૯૭૨૩૬૭૧૫૫૬



કાંતિલાલ સા. ભટ્ટ (૧૯૨૨) ફોન: ૨૩૨૨૮૦૭૫



(તસવીર : દિપક જાની)

જૈનમ જયતિ શાસનમ્ - મહાવીર જયંતિની ઉજવણી ગાંધીનગરના જૈન પરિવારો દ્વારા ધામધૂમથી કરાઈ હતી. સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે ભગવાન મહાવીરની આંગી કરાઈ હતી. વહેલી સવારથી જ ભાવિકો દર્શન-પૂજા માટે ઉમટ્યા હતા.

# ગુજકોટોક કાયદાની વિરૂદ્ધ કોંગ્રેસ દ્વારા દેખાવો

## ગુજકોટોક કાયદો લોકશાહીને ગળેટુંપો દેનાર છે : યુવક કોંગ્રેસે વિધેયકની હોળી કરીને વિરોધ દર્શાવવામાં આવ્યો : પોલીસને મળેલી સત્તાનો દુરૂપયોગ થઇ શકે છે

અમદાવાદ, તા. ૨

ગુજકોટોક કાયદો પસાર કરવામાં આવ્યા બાદ આને લઈને કોંગ્રેસે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું છે. આ કાયદો લોકશાહીને ગળેટુંપો દેનાર છે તેવો આક્ષેપ કરીને વિધેયકની હોળી કરવામાં આવી છે. યુવક કોંગ્રેસ દ્વારા ગુજકોટોક કાયદા વિધેયકને વિરોધ કરતાં અમદાવાદ પશ્ચિમ લોકસભા પ્રમુખ પાર્થીવરાજસિંહ કઠવાડીયા જણાવે છે કે, આજ રોજ યુનિવર્સિટી વિસ્તારમાં ગુજકોટોક કાયદા વિધેયકની હોળી કરી યુવક કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવેલ હતો. ગુજકોટોક કાયદા વિધેયક હેઠળ ભાજપની સરકાર પોલીસ અને પ્રશાસનને અણધારી માપ વગરની સત્તા આપવાનાં પ્રયત્ન કરી રહી છે. તેને યુવક કોંગ્રેસ સખત શબ્દોમાં વખોડે છે. ગુજકોટોક કાયદો એ ભવિષ્યમાં ગુજરાતના ઈતિહાસની વાત થશે ત્યારે કાંળા કાયદા તરીકે ઓળખાશે. ગુજકોટોક કાયદાને પ્રથમ નજરે જોઈએ તો એ ભાજપની સરકારની માનસિકતા દર્શાવે છે. ગુજકોટોક કાયદાનો અમલ થાય તો ગુજરાતમાં હિટલશાહી આવી જશે તેવું લાગી રહ્યું છે. કાયદા હેઠળ લોકશાહીમાં અપાતા હક્ક અને અધિકારોનું હનન થાય તેવી પુરેપુર શક્યતાઓ છે. આ કાયદા હેઠળ મહિના સુધ ચાર્જશીટ દાખલ થશે અને પોલીસ દ્વારા જબરદસ્તી લેવાયેલા નિવેદનોને પણ પુરાવા તરીકે ગણવામાં આવશે તેવી જોગવાઈ છે. વિધેયકને બે-બે વખત મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા વિચાર-વિમર્શ માટે પાછો મોકલવામાં આવ્યો છતાં ભાજપની સરકારે નફ્ફટાઈથી ગૃહમાં અલગ-અલગ નામથી પસાર કર્યો. આ કાયદા હેઠળ કોઈ વ્યક્તિ પર એકથી વધારે કેસ હોય તો તે આતંકવાદી હોય કે ના હોય, તેને આતંકવાદી ગણીને સજા કરવામાં આવશે. આ કાયદાને લાગુ કરીને ભાજપ સરકાર ગુજરાતમાં સરમુખત્યારશાહી, આપખુદશાહી, હિટલરશાહી લાવવાનો પ્રયત્ન કરી રહી છે. જેનો યુવક કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવે છે.

આગામી દિવસોમાં આ વિધેયકને પ્રજા વચ્ચે લાવીને પ્રજાને જાગૃત કરવામા આવશે અને વિધેયક નામંજૂર થાય ત્યાં સુધી યુવક કોંગ્રેસ યુવક કોંગ્રેસ દ્વારા ઉગ્ર પ્રદર્શન અને આંદોલન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં શાહનવાઝ શેખ, યશપાલસિંહ વાઘેલા, મનિષ શ્રીમાળી, અમિત નાયક, આર્યમાન દેસાઈ, અસરાર શેખ, પ્રવિણ વણોલ, અહર્નીશ મિશ્રા, અશોક વનાળીયા સહિત મોટી સંખ્યામાં યુવક કોંગ્રેસ એન.એસ.યુ.આઈ ના કાર્યકરો હાજર રહ્યા હતા.

# અધિક કલેકટર સંવર્ગના દસ અધિકારીઓને સીલેક્શન ગ્રેડ અપાશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યના ગેસ કેડરના ૧૦ જેટલા અધિક કલેક્ટર સંવર્ગના અધિકારીઓને જોઈન્ટ સેક્રેટરીનો સીલેક્શન ગ્રેડ આપવા માટેની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગેસ કેડરના ૧૦ જેટલા અધિકારીઓને જોઈન્ટ સેક્રેટરી તરીકેનો સીલેક્શન ગ્રેડ આપવા માટે તાજેતરમાં ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટિની બેઠક મળી હતી. જેમાં પ્રવરતા યાદી તૈયારી કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૧૦ જેટલા અધિક કલેક્ટર સંવર્ગના અધિકારીઓને જોઈન્ટ સેક્રેટરી સંવર્ગમાં સીલેક્શન ગ્રેડ સાથે બઢતી આપતાં હૂકમો આગામી સપ્તાહ દરમ્યાન હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત અંદાજે ૧૦૦થી વધુ નાયબ મામલતદાર સંવર્ગના કર્મચારીઓને મામલતદાર સંવર્ગમાં બઢતી આપવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી છે અને આગામી ટુંક સમયમાં બઢતી અને બદલી માટેના હૂકમો હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ મામલતદારમાંથી નાયબ કલેક્ટર સંવર્ગમાં બઢતી આપવા માટેની પ્રક્રિયા પણ મહેસૂલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે અને આગામી ટુંક સમયમાં હૂકમો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# પ્રદેશ કોંગ્રેસ સંગઠન માળખામાં વધુ નિમણુંકો ટૂંક સમયમાં કરાશે

ગાંધીનગર, તા. ૨

પ્રદેશ કોંગ્રેસ સંગઠન માળખામાં થોડા ફેરફારો કરવામાં આવ્યા બાદ બાકી નિમણુંકો આગામી ટુંક સમયમાં કરવામાં આવનાર છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ તરીકે ભરતસિંહ સોલંકીની નિમણુંક કરવામાં આવ્યા બાદ ભરતસિંહ પોતાની નવી ટીમની રચના કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. થોડા દિવસ અગાઉ ઉપપ્રમુખ મહામંત્રીની નિમણુંકો કરવામાં આવી હતી.

હવે પ્રદેશ કોંગ્રેસ સંગઠન માળખામાં બાકીની નિમણુંકો કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને ટુંક સમયમાં આ નિમણુંક પ્રક્રિયા પૂર્ણ કરીને પ્રદેશ સંગઠન માળખાની પુનઃ રચના કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વધુ પાંચ જેટલા મંત્રીઓની નિમણુંક કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પ્રદેશ સંગઠન માળખાની પુનઃ રચના કરવામાં આવ્યા બાદ વિવિધ પ્રદેશ સેલોની પુનઃ રચના પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ સંગઠન માળખાની પુનઃ રચના કરવામાં આવ્યા બાદ પ્રદેશ કારોબારીની પુનઃ રચના કરીને પ્રદેશ કારોબારીમાં નવા યુવા ચહેરાઓને સ્થાન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

# તલોદના નાગણેશ્વરી માતા મંદિરે સત્તરમી વર્ષગાંઠ ઉજવાઈ

તલોદમાં સ્થિત નાગણેશ્વરી માતાજી મંદિરે આજે ધામધૂમપૂર્વક સત્તરમી વર્ષ ગાંઠ ઉજવવામાં આવી હતી. સત્તર વર્ષ અગાઉ ચૈત્રસુદ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જેથી દર વર્ષે આ દિને નાગણેશ્વરી માતાજીના જન્મદિન તરીકે ઉજવવામાં આવે છે. જેમાં હોમ હવન પૂજા અર્ચના અને સત્સંગ અને મહાઆરતી યોજાઈ હતી. આ ધાર્મિક પર્વે મહંત જીતુસિંહ રાઠોડ સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તો હાજર રહ્યા હતા. નાગણેશ્વરી માતાજીનો ધાર્મિક પર્વે કિષ્ણકાંત પરમારના યજમાન પદે યોજાયો હતો. આ ધાર્મિક પર્વે મિલનભાઈ મોદી પ્રકાશ દરજી, સંજય શાહ, રમેશ વણઝારા વગેરે હાજર રહ્યા હતા.

# પ્રાથમિક શાળાઓમાં સોમવારથી વાર્ષિક પરીક્ષા

## ૧૩મી એપ્રિલ સુધી વાર્ષિક પરીક્ષા ચાલશે : રાજ્યની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થી અભ્યાસમાં વ્યસ્ત બન્યા : બીજી મેના દિવસે પરિણામ જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હસ્તકની રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં આગામી ૬ એપ્રિલથી વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. આ પરીક્ષા ૧૩ એપ્રિલ સુધી ચાલશે. ત્યાર બાદ વાર્ષિક પરીક્ષાનું પરીણામ બીજી મેના રોજ જાહેર કરવામાં આવશે. રાઈટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત ધોરણ-૧ અને ૨માં પરીક્ષા લેવામાં આવતી નથી જો કે પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૩ થી ૯ ની પરીક્ષા લેવાય છે. ત્યારે ચાલુ વર્ષે રાજયની સરકારી શાળાઓમાં આગામી ૬ એપ્રિલથી વાર્ષિક પરીક્ષા લેવામાં આવશે. રાજય પ્રાથમિક શિક્ષણ વિભાગના શિડયુલ મુજબ તારીખ ૬ એપ્રિલ ગુજરાતી વિષયની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે તારીખ ૭ એપ્રિલે ગણિત, તારીખ ૮ એપ્રિલના રાજ ધોરણ-૩ થી ૫માં પર્યાવરણ વિષયની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે ધોરણ ૯ એપ્રિલનાં રોજ ધોરણ-૬ થી ૮ માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની પરીક્ષા લેવામાં આવશે. તારીખ ૧૦ એપ્રિનાં રાજ ધોરણ-૪થી ૮ માં હિન્દી વિષયની પરીક્ષા લેવાશે. તારીખ ૧૧ એપ્રિલનાં રોજ ધોરણ ૫ થી ૮માં અંગ્રેજી વિષયની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે તારીખ ૧૩ એપ્રિલનાં રોજ ધોરણ ૬થી૮માં સંસ્કૃત વિષયની પરીક્ષા લેવામાં આવશે.

## શબ્દાવલી - ૫૬૮૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ■ | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ૮ | |
| ■ | ૯ | | | ■ | ૧૦ | | |
| ■ | | ■ | ૧૧ | | ■ | | ■ |
| ૧૨ | | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ |
| | ■ | | ■ | ૧૬ | | | |
| ૧૭ | ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | | | |

### આડી ચાવી

૧. એક પીણું (૩)
૩. રોટલા ઉપર ચીજ વગેરે મસાલા નાખી બનાવાતી વાગની (૨)
૬. સુકુ ઘાસ (૨)
૭. હવાઇ ગયેલા ટેટા ફુટવાના બદલે... થઇ જાય (૫)
૯. એક ફળ, અનાર (૩)
૧૦. ઉનાળો (૩)
૧૧. ઇશારો (૨)
૧૨. ગૃહકાર્ય (૪)
૧૪. જીદ્દ, હઠ (૩)
૧૬. અમૃત (૨)
૧૭. આવેશ, જુસ્સો (૫)
૨૦. છાયો (૨)
૨૧. પ્રવાહી, ફળોનું પ્રવાહી (૨)
૨૨. વલોપાત, હાયવોય (૫)

### ઊભી ચાવી

૧. જૂ નામના જંતુના ઇંડા (૨)
૨. શબ રાખવાની ઓરડી (૫)
૩. ઓલિયો, પવિત્ર પુરુષ (૨)
૪. જાસૂસી કરનાર, ડીટેકટીવ (૩)
૫. મોર (૩)
૭. નિર્જન (૪)
૮. ઝરમર ઝરમર (૫)
૧૨. ઘડવું, રચવું (૪)
૧૩. નિત્ય - રોજ (૩)
૧૪. સંઘરી રાખેલું મડદું (૨)
૧૫. તલ ગોળ - ખાંડીને... બને (૪)
૧૬. અડગ (૩)
૧૮. નાડી, રગ (૨)
૧૯. હોડી - બોટ (૨)
૨૦. ફોતરા, છોડા (૨)

### શબ્દાવલી ૫૬૮૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ફોરમ (૩) આશરો (૫) ગળાડુબ (૭) ટશર (૯) મધ (૧૦) સાવરણી (૧૧) છત (૧૨) ખળુ (૧૩) યાદી (૧૫) ચુની (૧૬) પરવા (૧૭) ચોક (૧૮) આકરા (૧૯) ધામ (૨૦) ગવળી

**ઊભી ચાવી :-** (૧) ફોગટ (૨) મગર (૩) આડુઅવળુ (૪) શબ (૬) વધ (૮) શરતચુક (૯) મણીયાર (૧૦) સાખ (૧૪) દીવાસળી (૧૬) પગાર (૧૭) ચોર (૧૮) આમ

## ૧૪ કરોડની થાપણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં આધાર કાર્ડનું લિડીંગ ખાતાઓ સાથે થાય તે માટે હવે બેંકોએ પણ અભિયાન ચાલુ કર્યું છે. કેન્દ્રીય ચૂંટણી પંચે મતદારયાદીને ફુલપ્રુફ બનાવવા માટે આધાર કાર્ડ ઓળખકાર્ડમાં સમાવવાનું જે રીતે અભિયાન હાથ ધર્યું છે તે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં બેંકોની સુવિધા હજુ બધા ગામોને આવરી શકી નથી. ૪૦થી પણ વધુ ગામ આજે બેકિંગ સેવાથી સંકળાયેલા નથી પણ લોકો જે રીતે જનધન યોજનાથી જોડાઈ રહ્યા છે તેને લઈ હવે બેંકોને પણ તેમની સેવાઓના વિસ્તાર સિવાયનો વિકલ્પ રહેતો નથી.

ગાંધીનગર જિલ્લાનો ક્રેડિટ પ્લાન ગઈ કાલે જ જાહેર કરાયો છે અને ગ્રામીણ અર્થતંત્રને ચેતનવંતુ બનાવવાની વાતો કરાઈ છે તે વાસ્તવિક બને તેવું સૌ ઈચ્છી રહ્યા છે ગત નાણાંકીય વર્ષ દરમિયાન માત્ર ૮૦ ટકા જેટલા જ લક્ષ્યાંકો સુધી પહોંચી શકાયું હતું તે ઉલ્લેખનીય છે.






**ગાંધીનગરનું ગૌરવ** - સ્પેનમાં આવેલ અલક્યુડીઆ (મલાર્કા) શહેર ખાતે ઈન્ટરનેશનલ વી સ્પેનીસ પેરા બેન્ડમીન્ટન ઈન્ટરનેશનલ-૨૦૧૫ ગેમ્સનું આયોજન તા. ૨૭ થી ૨૯ માર્ચ - ૨૦૧૫ સુધી યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં ગાંધીનગરના કુ. પારૂલ ડી. પરમાર (અર્જુન એવોર્ડ વિજેતા-૨૦૦૯) વીમેન્સ સીંગલમાં એસએલ૪ ગોલ્ડ મેડલ તથા એસએલ-૩ એસયુ-૫ મીક્ષ ડબલ સીલ્વર મેડલ મેળવી શાનદાર વિજય મેળવેલ છે અને ભારતનું નામ રોશન કર્યું છે.

## સ્માર્ટકાર બનાવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમય લાગ્યો છે. દુનિયાના કોઈપણ ખૂણામાંથી આ કારને આપરેટ કરી શકાય તેવી સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. ડ્રાઈવરલેસ કાર તૈયાર કરવા પાછળનો તેમનો મુખ્ય ઉદ્દેશ સરહદ પર જવાનોને સુરક્ષા પુરી પાડવાનો છે. આ અંગે તેમણે વધુ વિગત આપતા જણાવ્યું હતું કે સરહદ પર ગોળી વાગવાથી ઘણીવાર જવાનો શહીદ થાયછે. જેને લઈ જવાનોનો બચાવ થાય તેવા આશયથી ઉદ્ભવેલા વિચારમાંથી આ કારનું સર્જન થયુંછે. સરહદ પર શંકાસ્પદ હીલચાલનો પણ ખ્યાલ રાખવામાં આ કાર ઉપયોગી નિવડી શકે તેમ છે. આ ઉપરાંત બોર્ડર પર વિડીયો સર્વેલન્સ પણ થઈ શકે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ છે. જી.પી.એએસ. સિસ્ટમના લીધે આ તમામ બાબતોનો ખ્યાલ રાખી શકાય છે. ડ્રાઈવરલેસ અને મોબાઈલથી ઓપરેટ થતી આ કાર વિશે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે આ કારમાં ૬ આધુનિક નાઈટવિઝન કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે દિવસ-રાત કોઈપણ પરિસ્થિતિમાં કામ કરી શકે છે. કારમાં આગળ-પાછળ સહીત અલગ-અલગ ૧૮ સેન્સર લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત કેમેરો પણ લગાવાયો છે. કારમાં ફીટ જી.પી.એસ. સિસ્ટમ અને આધુનિક કેમેરાની મદદથી નકશામાં રસ્તા ના હોય તેવી જગ્યાએ પણ કાર ચલાવી શકાય તેવી સુવિધા છે. ઠંડી, ગરમી અને વરસાદમાં કાર ૧૦૦ની સ્પીડ પર દોડી શકે છે. જ્યારે આ કાર પાંચ વ્યક્તિઓને લાવવા લઈ જવામાં મદદરૂપ થઈ શકશે. વિકટ પરિસ્થિતિમાં દવાઓ અને વિસ્ફોટકોનું વાહન પણ ફરી શકશે. મોબાઈલ વડે નિયંત્રિત થતી આ કારને હથિયારોથી સુસજ્જ કરવામાં આવી છે. એટલું જ નહી પરંતુ હથિયારોને પણ મોબાઈલ વડે ઓપરેટ કરી શકાય તેવી અદ્યતન વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર કોઈપણ સ્માર્ટ મોબાઈલ ફોનના આધારે અગર લેપટોપથી એપ્લીકેશનના ઉપયોગથી ઓપરેટ થઈ શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કાર રોડ પર ચલાવવા માટે નથી. પરંતુ આ કારનો ઉપયોગ સરહદી અને નકલસવાદ પ્રભાવિત વિસ્તારમાં વિડીયો સર્વેલન્સ દ્વારા પેટ્રોલીંગ કરી ત્વરિત હૂમલો કરવા માટે પણ થઈ શકે છે. પ્રો. કૌશલ જાનીએ વધુમાં જણાવ્યું હતુ કે ભારતમાં પ્રથમવાર આ પ્રકારની કાર બનાવાઈ છે. આ મામલે તેમણે પ્રધાનમંત્રીના મેક ઈન ઈન્ડીયાના અભિગમને વેગ આપવા પણ પ્રયત્નશીલ હોવાનું જણાવ્યુ હતુ. જ્યારે આગામી દિવસોમાં હથિયારોનું સંશોધન કરતા ડિફેન્સ રીસર્મ ઓર્ગેનાઈઝેશનની મદદથી કારમાં જરૂરી સુધારા કરવા પણ પ્રયત્ન કરશે. મોબાઈલ ઓપરેટ કાર તૈયાર કરવા માટે તેમને કોલેજના ટ્રસ્ટી પ્રિયાંક પટેલ તેમજ ક્રીનીશ પટેલે પ્રોત્સાહક બળ પુરૂ પાડ્યું હતું. આ કાર તા. ૮ અને ૯ એપ્રિલ દરમિયાન અમીરાજ કોલેજના ટેકનિકલ ફેસ્ટમાં ડેકસ્ટ્રા-૨૦૧૫માં પણ નિહાળી શકાશે.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.